# મહારાજનુ દેવુ !

એક વખત ચતુર તેનાલીરામની પત્ની બીમાર પડી. એના ઈલાજ માટે તેણે મહારાજ પાસેથી એક હજાર સોનામહોરો ઉધાર લીધી. સારી સાર–સભાળ અને યોગ્ય ઈલાજને કારણે એની પત્ની સારી થઈ ગઈ.

એક દિવસ મહારાજે કહ્યુ : 'તેનાલીરામ ! હવે તો મારુ દેવુ ચૂકવી દો !'

તેનાલીરામ એ રકમ પાછી આપવા માગતો નહોતો. આજ કાલમા ચૂકવી દઈશ એવુ કહીને વાત ટાળી દેતો. પરતુ એક વખત તો મહારાજે વાત મજાકમા કાઢો નાખવાને બદલે કડક શબ્દોમા ઉઘરાણી કરી. ત્યારે તેનાલીરામ મનમા નક્કી કર્યુ કે, 'હુ મારુ દેવુ મહારાજના મોઢ જ માફ કરાવી દઈશ.'


બીજા જ દિવસે મહારાજને કોઈએ આવીને ખબર આપ્યા કે, 'તેનાલીરામ ખૂબ જ બીમાર છે. અને જો મહારાજ એને મળવા માગતા હોય તો છેલ્લી વખત મળી લો.'

મહારાજ બેબાકળા બનીને તરત જ તેનાલીરામ મળવા દોડયા. જોયુ તો તેનાલીરામ ખૂબ જ બીમાર હતા. તેનાલીરામની પત્ની અને એની મા પાસે બેસીને રડતા હતા.

મહારાજને જાઈ તેનાલીરામની પત્ની બોલી : 'મહારાજ ! એ ઘણી મુશ્કેલીમા છે. એમના બચવાની જરાય આશા નથી. પરતુ એમનુ કહેવુ છે કે જ્યા સુધી મારે મહારાજનુ દેવુ ચૂકવવાન બાકી છે. ત્યા સુધી મારા પ્રાણ નહીં જાય.'

મહારાજની આખમા આવી દુઃખભરી વાત સાભળી આસુ આવી ગયા. એમણે કહ્યુ : 'તેનાલીરામ ! હુ તમારી આવી દુઃખભરી હાલત, તારી આવી પીડાભરી હાલત જોઈ શકતો નથી. તુ કેટલુ કષ્ટ વેઠી રહ્યો છે ! હુ તારુ દેવુ માફ કરુ છુ. જો કે તારા મૃત્યુના કારણે મને

ઘણુ દુઃખ થશે, પરતુ હવે એના વગર બીજો કોઈ રસ્તો પણ નથી, ખરેખર તો આ સોનામહોરો હુ પાછી લેવા જ માગતો નહોતો. હુ તો એ જોવા માગતો હતો કે તુ એ દેવુ કઈ રીતે ચૂકવે છે ?'



તરત જ તેનાલીરામ પથારીમાથી બેઠો થઈ ગયો અને કહ્યુ : 'સારુ ત્યારે મહારાજ !'

મહારાજે પૂછ્યુ : 'અરે....અરે તેનાલીરામ તારી તબિયત...?'

ચતુર તેનાલીરામે કહ્યુ : 'હુ એકદમ સાજો–નરવો છુ, મહારાજ ! સાચી વાત એ છે કે હુ આપના ભારને કારણે મરી જવાનો હતો. પરતુ આપે મને કસમયે મરતા બચાવી લીધો છે. હુ તો ઈચ્છુ છુ જન્મોજન્મ આપની સેવા કરતો રહુ.

તેનાલીરામની આવી તદુરસ્તિભરી હાલત જોઈને તેમજ દેવુ ઉતારવાની યુક્તિ જોઈને મહારાજ ખડખડાટ હસી પડયા.

**– 'બાલસૃષ્ટિ'માથી સાભાર**